# પાઠ - ૮ ઈશ્વરની કૃપા

**યાદ રાખો :** *" કેમ કે તમે કૃપાથી વિશ્વાસ દ્વારા તારણ પામ્યા છો, અને એ તમારાથી નથી. એ તો દેવનું દાન છે, કરણીઓથી નહિ, રખેને કોઈ અભિમાન કરે. " (એફેસી ૨ : ૮-૯)*

**પ્રસ્તાવના :** *આ પ્રકરણમાં આપણે જોઈશું કે ઈશ્વરની કૃપા સાચે જ અદભુત છે. તેની કૃપા દ્વારા આપણે આપણા ભૂતકાળના પાપોની શિક્ષામાંથી બચી ગયા છીએ અને વર્તમાનકાળના પાપોના સામર્થ્યને જીત્યું છે. તમે શીખશો કે કૃપા શબ્દનો અર્થ નાસ્તો કરતા પહેલા કરેલી ટૂંકી પ્રાર્થના કરતાં કંઈક વિશેષ છે.*

*શું તમને યાદ છે તમે ઈસુ ખ્રિસ્તને તમારું જીવન સોંપ્યુ એ પહેલા તમારું જીવન શાના જેવું હ તું ? તમે ઈશ્વરના દુશ્મન એવા આત્મિક અંધતામાં જીવી રહ્યા હતા. તમે નાસ્તિક અને અપરાધી હતા. કેવી રીતે તમે ઈશ્વરની આગળ સ્વીકાર પામ્યા ? શું એટલા માટે કે ઈશ્વરે તમારામાં કશુંક સારું જોયું ! શું તમે કેટલુંક સ્વાભાવિક ન્યાયીપણું ધરાવતા હતા કે જેણે તેમને તમારી તરફ આકર્ષ્યા ! શું તમે તેમની મહેરબાની આજ્ઞાંકિતપણા અને સદ્‌વ્યવહાર વડે કમાયા ? ના - બિલકુલ નહિ !*

**કૃપાની વ્યાખ્યા :-** *કૃપા વ્યાખ્યા દ્વારા "મફત અનુચિત પ્રેમ, દયા, માફી અને ઈશ્વરની મહેરબાની છે. " યોહાન ૧૫ : ૫ માં ઈસુ તેની કૃપાની જરૂરિયાતને હકીકત તરીકે વ્યક્ત કરે છે જ્યારે તે જાહેર કરે છે કે, તેના વગર આપણે કશું કરી શકતા નથી.*

(૧) *ઈશ્વરના દીકરાઓ હોવાના આપણા વિશિષ્ટ હકને આપણાં પોતાના સામર્થ્ય અને ક્ષમતાઓ સાથે કશો સબંધ નથી પરંતુ તેના કરતાં રોમન ૯ : ૧૬ માં જે દર્શાવેલું છે કે "માટે એ તો ...................... નહિ, અને દોડનારથી નહિ, પણ ...................... કરનાર ...................... થી થાય છે."*

*ન્યાય મેળવવો એ છે જેને આપણે લાયક છીએ. કૃપા મેળવવી એ છે જેને આપણે લાયક નથી. દયા મેળવવી એ નથી કે જેને આપણે લાયક છીએ.*

## કેવી રીતે તારણ કૃપા દ્વારા આવે છે.

(૧) **કૃપા આપણને તેમની તરફ ખેંચે છે.**

*એ શું હતું કે કારણથી તમે ઈશ્વરને જાણવા તેની પાસે આવ્યા ?*

*(યોહાન ૬ : ૪૪, ૬૫)* ..........................................................................

(૨) **કૃપા આપણાં પસ્તાવાને માન્ય કરે છે.**

*ઈશ્વરનું સામર્થ્ય એકલું જ નથી જે આપણને તેમની તરફ ખેંચેછે. પરંતુ એ તો ઈશ્વરની દયા છે. જે આપણા પસ્તાવાને માન્ય કરે છે.*

*ઈશ્વરનો બીજો કયો ગુણ આપણને પસ્તાવા તરફ દોરે છે ? (રોમન ૨ : ૪)*

**(૩) કૃપા આપણી દયા અને મદદને માન્ય કરે છે.**

*...........................................................*

*"એ માટે ...................... પામવાને તથા અગત્યને પ્રસંગે ...................... ને સારું કૃપા પ્રાપ્ત કરવાને, આપણે હિંમતથી ...................... ની પાસે આવીએ" (હિબ્રૂ ૪ : ૧૬)*

**(૪) કૃપા આપણને ન્યાયી ઠરાવે છે.**

*શું આપણાં પાપોથી (જાણે કે આપણે ક્યારેય કર્યા ના હોય) આપણને ન્યાયી ઠરાવે છે.*

*...................... (રોમન ૩ : ૨૩ - ૨૪)*

## કેવી રીતે કૃપા આપણને બચાવી રાખઈ શકે છે.

**(૧) કેવી રીતે ભક્તિભાવથી જીવવું તે વિશેના જ્ઞાનથી**

*ઈશ્વરની કૃપા આપણને શીખવે છે કે આપણે હાલના જમાનામાં ઠાવકાઈથી પ્રામાણિકપણે અને ભક્તિભાવ રાખીને જીવન જીવી શકીએ જો આપણે બે વસ્તુઓનો ત્યાગ કરીએ*

*તેઓને દર્શાવો. ......................  ...................... (તિતસ ૨ : ૧૨)*

**(૨) તેમની ઈચ્છા પૂરી કરવા માટેનું સામર્થ્ય અને ઈચ્છા**

*શી બાબતે પાઉલને દેવના રાજ્ય માટે જે ખંતપૂર્વક શ્રમ કર્યો તે માટે હેતુ પૂરો પાડ્યો ? (૧ કરિંથી ૧૫:૧૦)*

*.........................................*

*ફિલીપ ૨ : ૧૩ કહે છે કે કેમ કે જે પોતાની પ્રસન્નતા પ્રમાણે આપણામાં ...................... ની તથા ...................... ની પ્રેરણા કરે છે, તે તો દેવ છે.*

*એમ્પિલીફાઈડ આવૃત્તિ તેનું ભાષાંતર આ રીતે કરે છે.*

*"તમારા પોતાના સામર્થ્યમાં નહિ પરંતુ એ તો ઈશ્વર છે જે તેમારામાં અસરકારક રીતે કાર્ય કરે છે અને તેમની પ્રસન્નતા પ્રમાણે ઈચ્છવાની તથા કરવાની શક્તિ પૂરી પાડીને અને તમારામાં સામર્થ્ય અને ઈચ્છા બંને ઉત્પન્ન કરે છે."*

*હિબ્રૂ ૧૩ : ૨૦-૨૧ આપણને કહે છે, "ઈશ્વર તમને દરેક સારા કામમા એવા ...................... કરે કે તમે ......................  ......................, ......................, ...................... અને તેની દૃષ્ટિમાં જે સંતોષકારક છે. "*

*૨ કરિંથી ૯ : ૮ આપણને કહે છે કે દેવ તમારા પર સર્વ પ્રકારની પુષ્કળ કૃપા કરવાને સમર્થ છે કે જેથી હંમેશા તમારી પાસે સર્વ વાતે પુષ્કળ સમૃધ્ધિ હોવાને લીધે, તમે ......................, ...................... , ...................... ની વૃધ્ધિ કરતા રહો.*

રોમન ૧ : ૫ માં "સર્વપ્રજાઓ તેના નામની ખાતર ...................... અને ......................
થાય એ માટે અમે તેની મારફતે કૃપા પામ્યા છીએ."

હિબ્રૂ ૧૨ : ૨૮ માં આપણે કૃપા પ્રાપ્ત કરીએ છીએ જેથી દેવ ................ થાય એવી રીતે આપણે તેની સેવા આદરભાવથી તથા ભયથી કરીએ.

(૩) **આપણને સામર્થ્ય આપીને**

"તારે વાસ્તે મારી ...................... બસ છે, કેમકે મારું ...................... નિર્બળતામાં સંપૂર્ણ થાય છે ખ્રિસ્તનું ...................... મારા પર આવી રહે, એ સારું ઊલટું હું ઘણી ખુશીથી મારી નિર્બળતા વિશે અભિમાન કરીશ." (૨ કરિંથી ૧૨ : ૯)

"જ્યાં ...................... અધિક થયું, ત્યાં ...................... તેથી વધુ થઈ."
(રોમન ૫ : ૨૦)

કોરી ટેન બૂમ, ખ્યાતનામ ખ્રિસ્તી લેખિકાએ તેના પિતા અને તેની બહેન બેથ સાથએ જર્મન એકત્રીકરણ શિબિરમાં કંપારી છૂટે તેવો અનુભવ કર્યો જ્યાં તેના પિતા અને તેની બહેન મૃત્યુ પામ્યા. કોરી ટેન બૂમ તેની બહેન બેથને માટે આ દિલાસાના શબ્દો ટાંકે છે.

"કોઈ ખાડો એટલો ઊંડો નથી કે જ્યાં તેમનો પ્રેમ (કૃપા) હજુ તેનાથી વધારે ઊંડો ના હોય."

## કૃપા શું નથી ?

કમનસીબેન, ઘણીવાર ઈશ્વરની કૃપા, વિશે ગેરસમજણ હોય છે. આપણે એફેસી ૨ : ૮-૯ માં વાંચીએ છીએ કે આપણું તારણ આપણઆ કાર્યો દ્વારા નહિ પરંતુ ઈશ્વરની કૃપા દ્વારા છે. કેટલાક તમને એવું સમજાવવાનો પ્રયત્ન કરશે કે કરણીઓ જરૂરી નથી અને તમે પાપ કરવાનું ચાલુ રાખી શકોછો અને તમે તમારું તારણ ગુમાવશો નહિ.

(૧) શું પાઉલ એવું શિક્ષણ આપે છે કે આપણે પાપ કરવાનું ચાલુ રાખી શકીએ કારણકે, આપણે ઈશ્વરની કૃપા તળે છીએ ! (રોમન ૬ : ૧-૨, ૧૫)

(૨) શું કોઈપણ કરણીઓ વિના તમારી પાસે વિશ્વાસ થઈ શકે ? (યાકૂબ ૨ : ૧૭) ......................

(૩) શું માણસ તેની કરણીઓ વડે ન્યાયી ઠરી શકે ? (યાકૂબ ૨ : ૨૧-૨૬) ......................

(૪) કેમકે આપણે તેની કૃતિ છીએ અને ...................... ...................... કરવાને ખ્રિસ્ત ઈસુમાં આપણને ઉત્પન્ન કરવામાં આવ્યા છે. (એફેસી ૨ : ૧૦)

ન્યાયીપણાની કરણીઓ ઈશ્વર પ્રત્યે તમારી આજ્ઞાધીનતા વડે દર્શાવેલો તમારા વિશ્વાસનો પુરાવો છે. આજ્ઞાધીનતાનો અભાવ એ વિશ્વાસનો અભાવ બતાવે છે. માટે, આપણે જોઈએ છીએ કે કૃપા એ ઈશ્વરનું

*કર્તવ્ય છે પરંતુ વિશ્વાસ એ કરણીઓના પુરાવા દ્વારા આપણું કર્તવ્ય છે.*

## સારાંશ

*આ ઈશ્વરની કૃપા છે કે જે તમને આ દોડમાં દાખલ થવાને શક્તિમાન કરે છે અને ઈશ્વરની કૃપા વડે જ તમે આ દોડ પૂરી કરશો. તેમ છતાં આપણે સાવચેત રહેવાની જરૂર છે કે આપણએ ઈશ્વરની કૃપાનો પ્રતિકાર ના કરીએ. ‘‘તમે બહુ સાવધ રહો, રખેને કોઈ દેવની કૃપા પામ્યા વિના રહી જાય, રખેને કોઈ કડવાશરૂપી જડ ઊગે અને તમને ભ્રષ્ટ કરે અને તેથી તમારામાંના ઘણા ખરા અપવિત્રથાય. (હિબ્રૂ ૧૨ : ૧૫) આ ઈશ્વરની કૃપા છે કે જે સાચું શું છે તે કરવા તમારા હૃદય પર અસર કરે છે. જ્યારે તમે ઈશ્વરની કૃપાનો પ્રતિકાર કરવાનું શરૂ કરો. ત્યારે તમે તમારા હૃદયને કઠણ કરશો. આ ખતરનાક છે તેમ છતાં જો આપણે નમ્ર આત્મા રાખીએ તો આપણને ઈશ્વરની ભરપૂર સહાય મળશે, માટે.’’*

*‘‘દેવ ગર્વિષ્ઠોની વિરૂધ્ધ છે, પણ તે નમ્ર માણસો પર કૃપા રાખે છે.’’ (યાકૂબ ૪ : ૬)*

## ઉત્તરો

**કૃપાની વ્યાખ્યા**

*(૧) ઈચ્છનાર, દયા, દેવ*

**કેવી રીતે તારણ કૃપા દ્વારા આવે છે.**

*(૧) ઈશ્વરે મને તેમની તરફ ખેંચ્યો.*

*(૨) તેમનો ઉપકાર (ભલાઈ)*

*(૩) દયા, સહાય, કૃપાસન*

*(૪) કૃપા*

**કેવી રીતે કૃપા આપણને બચાવી રાખી શકે છે.**

*(૧) અધર્મ, વિષયવાસના (૨) કૃપા*

*ઈચ્છવા, કરવા*

*સંપૂર્ણ તેની ઈચ્છા પ્રમાણએ સઘળુ કરો.*

*સર્વ સારા કામો વિશ્વાસ, આધીન પ્રસન્ન*

*(૩) કૃપા, સામર્થ્ય, પરાક્રમ, પાપ, કૃપા*

**કૃપા શું નથી.**

*(૧) ના*

*(૨) ના*

*(૩) હા (૪) સારી કરણીઓ*